This is not just a piece of gold, but a testament to the sincere efforts of Ms. Varan and the guidance provided by the JVIMS faculty team. JVIMS team congratulates Ms. Varan for her achievement and wishes success in her future endeavours.

Our Gold Medal Tally (so far) at GTU: 4 Golds in HR, 1 Gold in Marketing and 1 Gold in Finance.

| Sr. No. | Name of Student | Year of Securing Gold Medal | Specialization |
|---|---|---|---|
| 1 | Ms. Shewta Singh | 2011 | Marketing |
| 2 | Ms. KhilnaVora | 2015 | Human Resource |
| 3 | Ms. Ankita Singh | 2016 | Human Resource |
| 4 | Ms. AvaniLalwani | 2017 | Human Resource |
| 5 | Ms. Shivani Rajani | 2019 | Finance |
| 6 | Ms. Heena Varan | 2021 | Human Resource |

JVIMS looks forward to add more feathers in its cap under the leadership of our Director Prof. (Dr.) Ajay Shah.

# Industrial Visit at Miltop Industries by Students of JVIMS MBA



The MBA students of batch 2021-23 visited Miltop Industries located at GIDC Phase 2 Dared on 12th Feb, 2022. The Miltop Industries falls under FMCG industry manufacturing spices and nuts. The visit was planned with a vision that students will get practical exposure of how firms

continue onpage 25

continue from page 24

and industries function. The students saw the manufacturing process step by step with detailed explanation by the Manager. Students also learned about the practices followed by Miltop Industries with respect to Finance, Marketing and Human Resource. Overall it was a very knowledge enriching visit for students. Prof. (Dr.) Sheetal Rana and Prof. Bhavya Mankad accompanied the students for the visit.



## Industrial Visit at Apple International by Students of JVIMS MBA



The MBA students of batch 2021-23 visited Apple International located at GIDC Phase 3 Dared on 12th Feb, 2022. The Apple International operates in brass industry. The visit was planned with a vision that students will get practical exposure of how firms and industries function. The students saw the manufacturing process of brass products step by step with detailed explanation. Students also learned about the practices followed by Apple International with respect to Finance, Marketing and Human Resource. Overall it was a very knowledge enriching visit for students. Prof. (Dr.) Pruthvirajsinh Rathod accompanied the students for the visit.





# ધર્મ દર્શન

લેખક : પૂ. આચાર્ય શ્રી મહાબોધિસુરિ મહારાજ



## તમે ન્યાયાધીશ ન બનો

યહુદીઓના એક મોટા ધર્મગુરુ થઈ ગયા. એનું નામ મોરોબીલ. એકવાર એક ગરીબ માણસ એમની પાસે આવ્યો. ધર્મગુરુ પાસે માત્ર એક રૂપિયો હતો. તે તેમણે આપી દીધો.પાસે ઘણા શિષ્યો બેઠા હતા. શિષ્યોએ કહયું : ગુરુજી આપ જાણો તો છો કે આ માણસનું ચારિત્ર્ય બરોબર નથી, તો શા માટે એને રૂપિયો આપીને બગાડવાનો ધંધો કરો છો.આપ જેવા જ્ઞાની પુરુષ સારા – નરસાનો વિવેક નહીં જાળવે તો પછી અમારા જેવા અજ્ઞાનીઓ કયાંથી જાળવી શકશે?

મોરોબીલ બે પળ માટે શાંત રહ્યા. પછી ધીરેથી બોલ્યા : મારા ભાઈઓ ભગવાનની નજરે જોવા જઈએ તો જે પૈસા મારી પાસે છે એને લાયક હું પણ નથી. છતાં ભગવાને મારા જેવા નાલાયક માણસને પણ આપ્યા. હવે ભગવાન કરતાં હું કયો મોટો પારખુ છું કે એ ગરીબ માણસ ગુણવાન છે કે દોષિત છે... એવી એની કસોટી કરું? અને પછી એને પૈસા આપું?

ઉપસ્થિત તમામ શિષ્યો નીચું જોઈ ગયા. સહુની આંખોમાં શરમના આંસુ આવી ગયા. મોરોબીલ આગળ બોલ્યા : મિત્રો કોણ પાપી અને કોણ ધર્મી ? એનો ન્યાય ભગવાનને કરવા દો. આપણે ન્યાયાધીશ બનવાની જરૂર નથી.

## શિસ્તના આગ્રહી બનો.

થોડા વર્ષો પૂર્વે બનેલી આ ઘટના છે. ગુજરાતમાં ઠેર ઠેર ચૂંટણીઓ ચાલી રહી હતી. ચૂંટણીમાં મત આપવા માટે શ્રી દામોદર સાતવલેકરજી પણ મતદારની લાઈનમાં ઊભા હતા. એ વખતે તેઓ ૮૬ વર્ષની ઉંમર ધરાવતા હતા.

ભરગરમીમાં વોટની લાઈનમાં ઊભા રહેલા સાતવલેકરજીને જોઈને ગામના લોકો શરમાઈ ગયા. એટલે યુવાનોએ નજીકમાં આવીને કહયું. : આપ આવા તાપમાં ઊભા રહો... એ અમારા માટે શરમજનક કહેવાય. આપ અમારી સાથે ચાલો. આપે અહીં ઊભા રહેવાનું નથી, અમે આપને સીધા અંદરની રૂમમાં લઈ જઈએ છીએ. ત્યાં મત આપીને આપ તરત જ નીકળી શકો છો.

આ સાંભળી સાતવલેકરજી હસી પડયા. એમણે આવેલા યુવાનોને કહયું : તમે મારા માટે આટલી લાગણી દર્શાવી એ બદલ આભાર. પણ હું જો સહુ મતદારોની સાથે લાઈનમાં ઊભા રહેવાને બદલે મારી જાતને વી.આઈ.પી. સમજી સીધો આગલી હરોળમાં ઊભો રહી જાઉં તો શિસ્ત જેવું કયાં રહે ? જો મોટા માથાઓ જ શિસ્તનું પાલન નહીં કરે તો નાના લોકો એમાંથી શું ઘડો લેશે ? માટે હવે પછી કયારેય આવો શિસ્તભંગ કરવાનો આગ્રહ નહીં કરતા.

યુવાનો તો સાતવલેકરજીની નિષ્ઠા, પ્રામાણિકતા, નૈતિકતાને જોતાં જ રહી ગયા. પૂરા પોણા કલાક સુધી ભર તાપમાં ઊભા રહી સાતવલેકરજીએ પોતાનો વારો આવ્યો ત્યારે મત આપ્યો.પછી જ ઘરે જવા રવાના થયા.

દેરાસરમાં પૂજાની બાબતમાં પાછળથી આવી આગળ ઘૂસી જતા ઘૂસણખોરોને આ કથા સપ્રેમ ભેટ

## અજબ આત્મ શ્રદ્ધા

સર જગદીશચંદ્ર બોઝે પ્રયોગ દ્વારા વનસ્પતિમાં જીવ છે એવું સાબિત કયાં પછી(યાદ રહે, ખુદ જગદીશચંદ્ર બોઝે જાહેરમાં કહેલું કે વનસ્પતિમાં જીવ છે એની શોધ આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે ભગવાન મહાવીરે કરેલ. જેનો ઉલ્લેખ આચારાંગ સૂત્ર તથા પન્નવણાસૂત્રમાં થયેલો છે) યુરોપ, અમેરિકાથી આ પ્રયોગ કરવા માટે આમંત્રણો આવવા લાગ્યા.

એકવાર પેરિસથી આ પ્રયોગ માટે આમંત્રણ આવતા તેઓ પેરિસ ગયા. મોટા મોટા વૈજ્ઞાનિકો આ પ્રયોગને જોવા આવ્યા હતા. જગદીશચંદ્રએ પોટેશિયમ સાઈનાઈટ હાથમાં લઈ સહુને કહયું : પોટેશિયમ સાઈનાઈટ એ બહુ કાતિલ ઝેર છે. તે આપ સહુ જાણો છો. એની વનસ્પતિ ઉપર કેવી અસર થાય છે તે હું તમને બતાવું. એમ કહી એક છોડ ઉપર સાઈનાઈટના ટીપા નાંખ્યાં.

પણ આશ્ચર્ય છોડ કરમાઈ જવાને બદલે વધારે ખીલી ઉઠયો. આ જોઈ જગદીશચંદ્ર ખુદ આશ્ચર્યમાં પડી ગયા.એમણે પ્રયોગ કરવા માટેનાં યંત્રને ચારે બાજુથી તપાસી જોયું. યંત્ર તો બરાબર હતું. યંત્રમાં કોઈ ખામી ન હતી.

જગદીશચંદ્રએ સભા વચ્ચે  પૂરા આત્મ વિશ્વાસ સાથે સામે પડેલું પોટેશીયમ સાઈનાઈટ મોંઢામાં નાંખી દીધું. હવે આશ્ચર્યમાં પડવાનો વારો સભાનોહતો. સભાના તમામ પ્રેક્ષકોના જીવ અદ્ધર ચઢી ગયા સહુને એમ જ હતું કે હમણા જગદીશચંદ્ર ઢળી પડશે. પણ સભાના આશ્ચર્યને શરમાવતા જગદીશચંદ્ર બોઝ હસતા હસતા બોલ્યા : મને પૂરી ખાતરી હતી કે આ પોટેશીયમ સાઈનાઈટ નથી, પણ બીજી જ કોઈ વસ્તુ છે. જો પોટેશિયમ સાઈનાઈટ હોત તો વનસ્પતિનો છોડ કરમાઈ ગયા વગર ન રહેત. એટલે મેં મોંઢામાં નાંખ્યું તો મને ખ્યાલ આવ્યો કે આ દળેલી ખાંડ છે. (આ ગડબડ કેમ થઈ? એ અંગે તપાસ કરતા જાણવા મળ્યું કે જે યજમાન પાસે પોટેશિયમ સાઈનાઈટ મંગાવેલ તેણે પોતાના નોકરને જાણીતા કેમિસ્ટની દુકાને મોકલેલ. કેમિસ્ટને શંકા પડી કે ઉતાવળમાં આવેલ વ્યકિત આપઘાત ન કરી નાખે તે માટે પોટેશિયમ સાઈનાઈટને બદલે દળેલી ખાંડ બાંધી આપેલ.)

## રૂપ અને રૂપિયા ખુલ્લા ન રખાય

રવિશંકર મહારાજ એકવાર રેલ્વેની મુસાફરી દરમ્યાન વડોદરા સ્ટેશને ઉતર્યા. ત્યાં તેમની નજર એક બહેન પર પડી. બહેને ફુલની વેણી ખરીદી પોતાના માથા પર નાંખી. રવિશંકર મહારાજને થયું... લાવ, આ બેનને એકવાર જઈને પૂછી લઉં કે બેન તને તારી આ વેણી દેખાય છે? જો ના, તો પછી તેં પહેરી શા માટે? પણ ઓળખાણ ન હોવાથી ત્યારે તો તેઓ ચૂપ રહયા.

પણ આ ઘટનાએ રવિશંકર મહારાજને વર્ષો પહેલાનો એક પ્રસંગ યાદ કરાવી દીધો. એક ગામમાં સાંજનો સમય થતા વેપારીઓ બજારમાંથી પોતપોતાના ઘરે જઈ રહયા હતા. મહારાજની નજર એક વેપારી પર પડી. વેપારીએ રૂપિયાની થેલી બગલમાં ભરાવી એના ઉપર કોટ અને પહેરણ પહેર્યું.

મહારાજે પૂછયું : કેમ ભાઈ ? ભરબજારે તમને ચોરીની બીક લાગે છે ? વેપારીએ કહયું : ચોરીની બીકે નહીં, પણ પૈસા એવી ચીજ છે... કે જો દેખાય તો ભલભલાની દાનત બગડે. દાનત બગાડવી એ પણ આપણે ત્યાં પાપ કહેવાય છે. મારી બેદરકારીને લીધે કોઈની દાનત બગડે તો એ પાપના ભાગીદાર મારે થવું પડે.

આ પ્રસંગને યાદ કરી રવિશંકર મહારાજ પાછા વિચારમાં પડયા.. જો આજની બહેનો આટલું સમજી જાય તો કેટલું સારું? વેપારી રૂપિયા ખુલ્લા નથી મૂકતો તો બહેનોથી પોતાના રૂપ ખુલ્લા કેમ મૂકાય ? પોતાના રૂપને ખુલ્લુ મૂકવાથી કોઈની નજર બગડે... તો તેમાં પોતે નિમિત બને કે નહિ? ઉદ્દ્ભટ અને અનુચિત વેશ પહેરીને ઘરમાં કે રોડ પર તો ઠીક, દેરાસર, ઉપાશ્રયમાં પણ પ્રવેશી જતી વર્તમાન શ્રાવિકાઓ આમાંથી કોઈ બોધપાઠ લેશે ખરી?

## જય જય શ્રી આશાપુરા માતાજી

## ।। હાર્દિક સ્મરણાંજલી ।।

### ગામ : જોગવડ



શ્રી હેમરાજ લખધીર ગુડકા
જન્મ : ઈ.સ.૧૯૦૦
સ્વર્ગવાસ : ૧૦.૦૬.૧૯૫૮



શ્રીમતી હિરૂબેન હેમરાજ ગુડકા
જન્મ : ઈ.સ.૧૯૦૬
સ્વર્ગવાસ : ૦૫.૧૦.૧૯૬૩



શ્રી કરમશી હેમરાજ ગુડકા
જન્મ : ૧૯.૦૩.૧૯૩૦
સ્વર્ગવાસ : ૧૮.૧૧.૨૦૦૪



શ્રીમતી કસ્તુરબેન કરમશી ગુડકા
જન્મ : ૦૮.૦૭.૧૯૩૪
સ્વર્ગવાસ : ૨૬.૦૯.૨૦૧૭



શ્રી વેલજી હેમરાજ ગુડકા
જન્મ : ૧૩.૦૪.૧૯૩૨
સ્વર્ગવાસ : ૨૫.૧૦.૨૦૦૨



માવડી કસ્તુરબેન વેલજી ગુડકા
જન્મ : ૧૨.૦૯.૧૯૩૫
સ્વર્ગવાસ : ૧૬.૧૧.૨૦૧૫



શ્રી હરખચંદ હેમરાજ ગુડકા
જન્મ : ૨૫.૧૧.૧૯૩૪
સ્વર્ગવાસ : ૧૪.૧૨.૨૦૦૦

ધરતી શોભે છે વનરાય થી, વનરાય શોભે છે વૃક્ષો થી.
વૃક્ષો શોભે છે ફૂલો થી, ફૂલો શોભે છે સુગંધ થી
એમ જ અમે શોભીએ છીએ, તમારી સાથેના ઋણાનું બંધનથી.

શ્રી કાન્તિલાલ હેમરાજ ગુડકા
શ્રી અજયકિરણ કાન્તિલાલ ગુડકા
શ્રી નયન કાન્તિલાલ ગુડકા
શ્રેયા અજયકિરણ ગુડકા
રેયાંશ નયન ગુડકા

શ્રીમતી હંસાબેન કાન્તિલાલ ગુડકા
શ્રીમતી હર્ષાબેન અજયકિરણ ગુડકા
શ્રીમતી નેહલબેન નયન ગુડકા
કૈરવી અજયકિરણ ગુડકા
શનાયા નયન ગુડકા

શ્રીમતી આનંદી અજેય ગોસરાણી

શ્રી કાન્તિલાલ હેમરાજ ગુડકા મો.: ૯૮૨૦૦ ૩૫૫૨૬ / ૮૪૪૬૬૨૧૪૧૪
શ્રી અજયકિરણ કાન્તિલાલ ગુડકા ઘર : ૨૪૦૯૨૪૮૩ / ૨૪૦૯૩૦૧૦ શ્રી નયન કાન્તિલાલ ગુડકા ઘર : ૨૪૦૮૧૪૧૪ / ૨૪૦૯૧૪૧૪

ANUPAM INDUSTRIES
House of Aromas
ASHAPURA AROMAS PVT. LTD.
An Anupam Group Enterprise
Unit 22, Champaklal Industrial Estate, Sion (East), Mumbai - 400 022. (INDIA).
Tel.: +91-22-4355 5100 / 9769001414 • Fax : +91-22-2407 6336 • Email : contact@anupamindustries.com • Website : www.anupamindustries.com

# જૈન તત્વ દર્શન

## સાત તત્વ

## ઓમ હ્રિં શ્રી વિતરાગાય નમઃ

(ગતાંકથી ચાલુ)

ગતાંક થી ચાલુ.....

આગલા અંકમાં ચાર ઘાતી કર્મોના સ્વભાવ અને તેની પ્રકૃતિને જાણવા મોહનીય કર્મ અને અંતરાય કર્મની વિચારણા કરેલ અને અંતમાં આગલા અંકમાં અઘાતી કર્મોની વિચારણા કરશું તેવું જણાવેલ તો તેને જાણીયે.

ચારે ઘાતી કર્મો સીધા આત્માના સ્વભાવ સાથે સંબંધીત કર્મો છે અને ચારે અઘાતી કર્મો જીવના શરીર સાથે સંબંધીત કર્મો છે.

૫.)વેદનીયકર્મઃ

જીવ જયારે મોહ ભાવ વડે આકુળ-વ્યાકુળ થાય છે ત્યારે અનુકૂળતા-પ્રતિકૂળતારૂપ સંયોગ પ્રાપ્ત થવામાં જે કર્મનો ઉદય નિમિત હોય તેને વેદનીય કર્મ કહે છે.

જીવના અવ્યાબાધ ગુણના પર્યાયને બાધા પહોંચાડી આકુળતા ઉત્પન કરાવનાર વેદનીય કર્મના બે પ્રકાર છે.

૧. શાતા વેદનીય જે શરીરમાં નિરોગતા રહેવામાં નિમિત હોય અને ૨.)અશાતા વેદનીય જે શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થવામાં નિમિત હોય.

૬.) આયુષ્યકર્મઃ

જીવ પોતાની યોગ્યતાથી નારકી, તિર્યંચ, મનુષ્ય અથવા દેવના શરીરમાં રોકાઈ રહે ત્યારે જે કર્મનો ઉદય નિમિત હોય તેને આયુષ્ય કર્મ કહે છે.

જીવના અવગાહ ગુણના ઘાતમાં જે કર્મ નિમિત છે તે ચાર પ્રકારના છે. ૧.) નરકાયુ, (નારકી શરીરમાં જીવને રહેવાની મુદત) ૨.)તિર્યંચાયુ, (તિર્યં ચશરીરમાં જીવને રહેવાની મુદત) ૩.) મનુષ્યાયુ (મનુષ્યશરીરમાં જીવને રહેવાની મુદત) અને ૪.) દેવાયુ (દેવલોકના જીવના શરીરમાં જીવને રહેવાની મુદત)

૭.) નામકર્મઃ

જીવ જે શરીરમાં હોય તે શરીરાદિની રચનામાં જે કર્મનો ઉદય નિમિત હોય તેને નામ કર્મ કહે છે.

જીવના સુક્ષ્મત્વ ગુણને પ્રગટ થવામાં બાધા પહોંચાડનાર નામ કર્મના ઉદયના બે ભેદ છે. ૧) શુભ નામ કર્મ અને ૨.)અશુભ નામ કર્મ. આ બંન્નેની કુલ ૯૩ પ્રકૃતિ છે.

૪ ગતી(મનુષ્ય,તિર્યંચ,નારક અને દેવ)

૫ જાતી(એકેન્દ્રિય, દ્રીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરેન્દ્રિય અને પંચેન્દ્રિય)

૫ શરીર(ઔદારિક, વૈક્રિયિક,આહારક, તેજસ,કાર્માણ)

૩ અંગોપાંગ (ઔદારિક, વૈક્રિયિક,આહારક)

૧ નિર્માણકર્મ.

૫ બંધન કર્મ (ઔદારિકબંધન, વૈક્રિયિકબંધન, આહારકબંધન, તૈજસબંધન, કાર્માણબંધન)

૫ સંઘાત(ઔદારિક, વૈક્રિયિક,આહારક, તૈજસ,કાર્માણ)

૬ સંસ્થાન(સમચતુરસ્ત્ર સંસ્થાન,ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન, સ્વાતિ સંસ્થાન, કુબ્જક સંસ્થાન,વામન સંસ્થાન, હુંડક સંસ્થાન)

૬ સંહનન(વજર્ષભનારાચ સંહનન,વજનારાચ સંહનન,નારાચ સંહનન,અર્દ્ધનારાચ સંહનન, કીલિક સંહનન, અસંપ્રાપ્તસૃપાટિકા સંહનન)

૫ વર્ણ કર્મ(કાળો, લીલો,રાતો,પીળો, ધોળો)

૨ ગંધ કર્મ (સુગંધ, દુર્ગંધ)

૫ રસ (ખાટો,મીઠો,કડવો, તુરો,તીખો)

૮ સ્પર્શ (કઠોર, કોમલ, હલકો, ભારે, ઠંડો, ગરમ, ચીકણો, લુખો)

૪ આનુપૂર્વ્ય (નરક, તિર્યંચ, મનુષ્ય, દેવગત્યાનુપૂર્વ્ય)

૫ અગુરૂલઘુત્વ કર્મ એક,ઉપઘાત કર્મ એક,પરઘાત કર્મ એક, આ તાપ કર્મ એક અને ઉધ્યોત કર્મ એક.

૨ વિહાયોદતી(એક મનોજ્ઞ અને બીજીઅમનોજ્ઞ)

૨૨ઉચ્છવાસ એક, ત્રસ એક, સ્થાવર એક,બાદર એક, સૂક્ષ્મ એક,પર્યાપ્ત એક,અપર્યાપ્ત એક,પ્રત્યેક નામ કર્મ એક, સાધારણ નામ કર્મ એક,સ્થિર નામ કર્મ એક,અસ્થિર નામ કર્મ એક, શુભનામ કર્મ, અશુભ નામ કર્મ એક, સુભગ નામ કર્મ એક, દુર્ભગ નામ કર્મ એક, સુસ્વર નામ કર્મ એક, દુઃસ્વર નામ કર્મ એક,આદેય નામ કર્મ એક, અનાદેય નામ કર્મ એક, યશકીર્તિ નામ કર્મ એક, અપયશકીર્તિ નામ કર્મ એક અને તીર્થંકરનામ કર્મ એક.

૯૩નામ કર્મ પ્રકૃતિનો સરવાળો,

૮) ગોત્ર કર્મ

જીવને ઉચ્ચ અથવા નીચ આચારવાળા કુળમાં જન્મ થવામાં જે કર્મનો ઉદય નિમિત હોય તેને ગોત્ર કર્મ કહે છે.

જીવના અગુરૂલઘુ ગુણને બાધારૂપથનાર ગોત્ર કર્મ ઉચ્ચ અને નીચ ગોત્ર એ રીતે બે ભેદવાળુ છે. ૧.)ઉચ્ચ ગોત્ર જે કર્મના ઉદયથી ઉચ્ચ કુળમાં જન્મ થાય અને ૨.)નીચ ગોત્ર જે કર્મના ઉદયથી નીચ કુળમાં જન્મ થાય.

અહીં આઠ કર્મને સંક્ષેપમાં જોઈ આ આઠ કર્મના પ્રકરણને વિરામ આપીએ છીએ.

**- જયંતિલાલ ગુઢકા**

**.......ક્રમશ**

# JAIN TATVA DARSHAN

## EIGHT KARMAS

(Continued from previous edition)

### Om Hrim Shree Vitragai Namah

In the last issue we had mulled on the nature and disposition of the Mohaniya Karma and Antrai Karma as part of the Four Ghati Karmas and ended with the remark to deliberate on the Aghati Karma so let us understand them.

The four Ghati Karmas are the Karmas that are directly related with the Nature of the Soul and all four Aghati Karmas are the Karmas that are related with the Body and associated surroundings of the Jeeve.

**5) Vedniya Karma:**

When Jeeve gets anxious or perturbed due to its gist of infatuation then the in-play of the Karma which acquires consort that facilitate or raise adversity, that Karma is called Vedniya Karma.

There are two types of Vedniya Karmas that are conductor in the generation of hinderance in the manifestation of the Un-interruption quality of the Jeeve – 1) Shatta Vedniya – which is an efficient cause in the wellbeing of the Body and 2) Assata Vedniya – which is an efficient cause in the illness of the Body.

**6) Ayushya Karma:**

When the Jeeve loiters in the body of a Hellish Being, Tiriyanch (Animals, Birds, Reptiles, Marines, Grass/Plant, Tree etc.) Being, Human Being or Celestial Being, due to its own meetness for which the Karma that is an efficient cause is called Ayushya Karma.

The Karma that is an efficient cause in the hinderance to the awareness quality of the Jeeve are of four types. 1) Narakayu (the life span of a Jeeve in the Hellish Body) 2) Tiriyanchayu (the life span of a Jeeve in the Body of a Tiriyanch) 3) Manushiyayu (the life span from birth to death of a Jeeve in the Human Body) and 4) Devayu (the life span of a Jeeve in the Celestial Body).

**7) Naam Karma:**

The Karma that is an efficient cause in the creation of the body and its associates in which a Jeeve has its abode is called Naam Karma.

There are two distinctions of the in-play of the Naam Karma that hinders the manifestation of the Subtleness Quality of the Jeeve or Soul. 1) Shubh (Auspicious) Naam Karma and 2) Ashubh (Inauspicious) Naam Karma. There are 93 dispositions of these two distinctions.

**Four Gati** (Manushya [Human], Tiriyanch, Narak [Hellish] and Dev [Celestial])

**Five Jati** (Ekindriya [One Sensed], Dvi-indriya [Two Sensed], Tri-indriya [Three Sensed], Chaturindriya [four Sensed] and Punchindriya [Five Sensed].

**Five Body** (Audaric, Vaikriyak, Aaharak, Taijas, Karmann)

**Three Ungopang** (Audaric, Vaikriyak, Aaharak)

**One Nirmann Karma**

**Five Bandhan Karma** (Audaric-Bandhan, Vaikriyak-Bandhan, Aaharak-Bandhan, Taijas-Bandhan, Karmann-Bandhan)

**Five Sanghat** (Audaric, Vaikriyak, Aaharak, Taijas, Karmann)

**Six Sansthan** (Samchaturstra Sansthan, Nyagrodhparimandal Sansthan, Swati Sansthan, Kubjak Sansthan, Vaaman Sansthan, Hundak Sansthan)

**Six Sanhnan** (Vajrarshabhnarach Sanhnan, Vajranarach Sanhnan, Narach Sanhnan, Ardhnarach Sanhnan, Keelik Sanhnan, Asanpraptasrupatika Sanhnan)

**Five Varann (Colour) Karma** (Black, Green, Red, Yellow, White)

**Two Gandh (Smell) Karma** (Sugandh [Fragrant], Durgandh [Stench])

**Five Rus (Taste)** (Khato-Sour, Mitho-Sweet, Kadvo-Bitter, Tooro-Bad tasting, Tikho-Pungent)

**Eight Sparsh (Touch)** (Kathor-Hard, Komal-Soft, Halko-Light, Bhare-Heavy, Thando-Cold, Garam-Hot, Chikno-Sticky, Lukho-Non-Sticky)

**Four Aanupurvya (Leading to)** (Narak Aanupurvya**,** Tiriyanch Aanupurvya**,** Manushya Aanupurvya and Dev Aanupurvya)

**Five One Agurulaghutva Karma, One Upghat Karma, One Parghat Karma, One Aatap Karma, One Udhyot Karma**

**Two Vihayodati** (One Manogna and second Amnogna)

**22 One Uchchhvas, One Trush, One Sthavar, One Baadar, One Suxma, One Paryapta, One Aparyapta, One Pratyek, One Sadharann, One Sthir, One Asthir, One Shubh, One Ashubh, One Subhag, One Durbhag, One Susvar, One Dusvar, One Aadey, One Anaadey, One Yaskirti, One Upyaskirti, One Tirthankar.**

**93 Is the Total of Naam Karma Prakruti.**

**8) Gotra Karma:**

The Karma that is an efficient cause for a Jeeve to be born in the family of High Clan or Low Clan is called **Gotra Karma.**

The Gotra Karma, which hinders the Agurulaghu (neither being a High Class or a Low Class) quality of Jeeve, are of two types – High Gotra and Low Gotra. 1) High Gotra – due to in-play of this Karma a Jeeve gets birth in a High Clan. 2) Low Gotra - due to in-play of this Karma a Jeeve gets birth in a Low Clan.

Having considered the Eight Karmas in brief we are ending the chapter of Eight Karmas here.

**-Jayantilal Gudhka**

To be continued...

# "અમારી સ્મૃતિમાં નર્મદાબેન"



જેમને મળતાં જ હૈયુ હરખથી હરખાઈ ઉઠે એ જ આપણાં સ્વજન પછી ભલે એ સગા હોય, વ્હાલા હોય કે મિત્રો હોય. અમારા પરિવારમાં એવા જ એક વ્યકિત હતાં કે જેને મળતાં જ હૈયામાં હેતનો સાગર હિલોળા લીએ, અને એવા એ હતાં અમારા સૌના વ્હાલા અને ચહીતા અમારા નર્મદાબેન.

નર્મદાબેન એમના નામ પ્રમાણે ગુણો ધરાવતા વ્યકિત હતાં. નર્મદા એટલે સ્નેહાળ નરમ સ્વભાવનાં હતાં. સગા વ્હાલાઓ તેમને જુદા જુદા હુલામણા નામથી બોલાવતા નબુબેન અથવા વ્હાલથી 'નબલી' કહેતા. નવી પેઢીમાં કોઈ એમને હીરોઈન ફઈબા કહેતુ કે પછીની પેઢી એમને પ્રિન્સેસ દાદી કહીને બોલાવતાં. સરળ અને નરમ સ્વભાવના નર્મદાબેનને એથી કોઈ ફરક નહોતો પડતો.

આવા અમારા નર્મદાબેન સરળ સ્વભાવનાં હતાં. પરંતુ તેમનું પસંદગીનું ધોરણ ઘણું ઉંચુ હતું ખાવા – પીવા, પહેરવા – ઓઢવા, તથા હરવા – ફરવામાં તેમની પસંદગી અલગ જ રહેતી અને એમાં તેઓ શોખીન સ્વભાવ ધરાવતા હતાં.

આવા સીધા સાદા નર્મદાબેનના જીવનમાં ઉતાર – ચડાવ ઘણાં આવ્યા. તેમનો જન્મ ૧૯૩૭માં થયો, અને જન્મના ચાર મહિનામાં જ તેમણે માતા ગુમાવ્યા. ત્યારબાદ ફઈ – કાકી જોડે રહીને મોટા થયા. વખત જતાં અમૃતલાલ બનેવી જોડે પરિચય થયો અને ૧૯૫૭માં તેઓ તેમની જોડે લગ્નગ્રંથિથી જોડાયા, તેમજ ત્રણ સંતાનોની માતા બન્યા. પરંતુ કહેવાય છે ને કે 'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી' એ ન્યાયે કુદરતને તેમનું આ સુખ મંજુર નહોતું. અમૃતલાલ બનેવીનું નાની વયે સાલ ૧૯૬૦ (૬ ડિસેમ્બર) માં અકાળે અવસાન થયું. અને નર્મદાબેન માથે આભ તુટી પડયું. બે દિકરા દિપક અને દિક્ષિત તેમજ દિકરી માલા ના ઉછેરની જવાબદારી તેમના માથા પર આવી પડી.સગા વ્હાલાનો સાથ હતો પરંતુ કુદરતનો આ ઘા કારમો હતો પરંતુ...

હિમ્મત હારે અને હાર માને તો એ નર્મદાબેન શાના, તેમણે જે પણ સંજોગો આવ્યા તેની સામે બાથ ભીડી તેમજ સંજોગોને સ્વીકારીને જીવન યાત્રા આરંભી દીધી.

કેન્યાથી ભારત આવ્યા અને પછી થોડા વર્ષ ભારતમાં રહી અને ૧૯૭૨માં લંડન પહોંચ્યા. ૧૯૭૩ માં તેમના ભત્રીજા અરુભાઈ પણ તેમની સાથે જોડાયા. સંતાનોને ઉછેરવાની જવાબદારી તેમણે હસતાં મોઢે અને એકલા હાથે ઉપાડી લીધી.

કુદરતે એમના હાથમાં કસબ મૂકયો હતો. રસોઈ બનાવવાનો ને તેમણે એ કામ આરંભી દીધું એમના હાથમાં ગજબનો જાદુ હતો . એમની રસોઈ ખુબ સ્વાદિષ્ટ બનતી. અને દરેક ખાનારા એના વખાણ કરતાં. તેમણે 'નબુંકસ કીચન' નામ આપી રીતસર રસોડું ચાલુ કરી દીધુ હતું અને ઓર્ડર લેવા માંડયા. આ રીતે તેમનું જીવન ફરીથી ચાલવા માંડયું.

આવા અમારા નર્મદાબેન કે પછી નબુબેન ખુમારીભર્યું જીવન જીવ્યા. તેઓ ખરેખર લોખંડી લેડી હતાં. વખતની સામે રોદણાં રડયા વગર બાથ ભીડીને જીવ્યા. ખૂબ જ જાજરમાન અને સૌના આદરમાન આવા નર્મદાબેન માટે કંઈ પણ કહેવા માટે શબ્દો ખૂબ ઓછાં પડે છે કે તેમની જીવન યાત્રા અર્વણનીય છે.

પરમ પિતા પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એવી પ્રભુ પાસે પ્રાર્થના. આ ક્ષણે એમનો આત્મા જયાં પણ હોય ત્યાં તેમને અમારા શત શત વંદન છે.

આવા અમારા બહેનનું કયારેય ન ભુલાય એવું વ્યકિતત્વ હતું. ખૂબ દિલોમાં જગ્યા મેળવનાર નર્મદાબેનને લાખો પ્રણામ અને અમારી નત મસ્તક શ્રધ્ધાંજલી

**કમલા અને કાંતિભાઈ હરિઆ તેમજ સમસ્ત હરિઆ પરીવાર**

# મહાસાગરનાં મોતી

સંકલન : વાડીલાલ ભાઈ દોશી,
મુલુંદ, મુંબઈ

## જે જાગૃત છે એની પાસે સમય છે.

સમયને સરકી જતાં વાર નથી લાગતી. માનવી જોતો જ રહી જાય છે ને સમયની ક્ષણો એના હાથમાંથી છટકી ગઈ હોય છે ને માણસ ચમકી જઈને બોલી ઊઠે છે : સમય કયારે ચાલ્યો ગયો એનું ભાન પણ ન રહયું.

સમયની બાબતમાં માણસ મોટે ભાગે અભાનાવસ્થામાં જ હોય છે. એક પ્રકારની મૂર્છામાં એ સરી પડયો હોય છે અને સમયના વહી ગયા પછી પશ્ચાતાપ કરવાનો શો અર્થ છે ? જે સમય તમારી પાસે છે એના પર તમારો અધિકાર છે. જે સમય આવવાનો છે એના પર પણ તમારો અધિકાર જમાવી શકો છો, પણ જે સમય વહી ગયો છે, તે તમારા અધિકાર ક્ષેત્રની બહાર છે. તમારી પાસે તે સમય નથી.

તમારી પાસે જે બચ્યું છે, એનું નામ તો છે : પસ્તાવો. પણ માત્ર પસ્તાવો કરવાથી શો અર્થ સરવાનો છે ? જે પાણી વહી ગયું છે એના માટે જીવ બાળવાથી કશું જ વળવાનું નથી.

સમય એટલે નદીનો પ્રવાહ.

અટકયા વગર વહેતો પ્રવાહ.

નદીના પ્રવાહની જેમ સમય વહી જાય છે ને જયારે સમયની આ ધારા સારા પ્રમાણમાં વહી જાય છે ત્યારે માણસને એકાએક જ્ઞાન લાધે છે. એને થાય છે : અરે, હું આટલું બધું ઊંઘ્યો ?

હા, વાત સાચી છે.

તમે કેવળ ઊંઘો જ છો.

મૂર્છામાં પડયા રહો છો.

અજાગ્રત અવસ્થામાં, અભાનાવસ્થામાં, મૂર્છિત સ્થિતિમાં તમે સમયની ધારાને અકારણ વહી જવા દીધી છે.

છટકી ગયો સમય.

સરકી ગઈ સમયની ક્ષણો

હાથમાં સુવર્ણના ટુકડા હતા.

એ ટુકડા તમે ખોઈ નાખ્યા.

સુવર્ણ માટીના ભાવે વપરાઈ ગયું.

સમય કદી થોભતો નથી.

તમે જાગો એની પ્રતિક્ષા કરતો નથી.

એ તો અટકયા વિના, થોભ્યા વિના આગળને આગળ વધતો જ જાય છે પણ માણસ સમયના સુવર્ણને કયાં ઓળખી શકે છે ? માણસ પ્રમાદમાં પડીને આ શુદ્ધ સુવર્ણ સમાન ક્ષણોને વેડફી નાખે છે. યાદ રાખો કે જે જાગ્રતિ છે એની પાસે જ સમય છે, સમયની ક્ષણો છે, જાણે મહામૂલાં રત્નો છે.

મોહમૂર્છિત અવસ્થામાં માણસની એની મૂઠીમાં રહેલા આ રત્નોને ખોઈ નાખે છે. જાગે છે એ પામે છે.

જો સોવત હૈ, વો ખોવત હૈ.

જાગ્રતિ એટલે જ જીવન.

મૂર્છા એ મૃત્યુ છે.

જયાં પુરુષાર્થ છે ત્યાં જાગૃતિ છે.

જયાં ધ્યેય માટે સતત ચિંતા અને ચિંતન છે ત્યાં જાગ્રતિ છે.

જાગવું એટલે પામવું. તેથી પામવાનું બીજું નામ જાગૃતિ

મોતી મેળવવા છે ?

તો યાદ રાખો કે મથામણ વિના મોતી મળતા નથીં. આ મથામણનું નામ જ જાગૃતિ, મોર એટલે મરણ. મરજીવા બનશો તો મોતી લાધશે.

માનવીની પરમાત્મા તરફની ગતિ જ જાગૃતિ છે. માટે જાગો. ગતિ કરો. મૂર્છા છોડો.

અભાનને અળગું કરો / ઉદ્યમશીલ બનો.

ગતિ અટકી ગઈ, ચિંતનનાં દ્વાર બંધ થઈ ગયાં. પુરુષાર્થનાં જળ સૂકાઈ ગયાં...

પછી તો જીવનની ક્ષણો ખોવાઈ ગઈ સમજજો.

માટે જાગ્રત બની જાવ. માટે અંતર આંખ ખોલો. માટે માંહ્યલાને જગાડો.

માટે આતમ રામને ઊઠાડો.

સતત સ્વાધ્યાય, સતત ચિંતન, સતત ગતિને એ બધામાં શ્રેષ્ઠ એવી ઊર્ધ્વગતિ.

અને આ ઊર્ધ્વગતિ એટલે જ આત્માનું પરમાત્મામાં ભળી જવું.

ધ્યેય ઊંચું છે.તો ગતિ પણ વધારવી પડશે.

સમયની ક્ષણોને મૂઠીમાં પકડવી પડશે. જાગવું પડશે. સતત જાગરણ જ તમારા માટે ઉન્નતિનાં દ્વાર ખોલી નાખશે.

## ગોચરી

સંખ્યાબંધ કમાન્ડો વચ્ચે સતત ઘેરાયેલા રહેતા એક નેતાજીએ પબ્લિક સમક્ષ તોરમાં આવી જઈને ભાષણ કરતાં ઊંચા અવાજે કહ્યું : મનમાં જરા પણ ભય ન રાખશો. સૌ નિર્ભય બનો. જનતાને નિર્ભયતાના પાઠ ભણાવવા હું આવ્યો છું.

પણ નેતાજી પહેલા તમે તો નિર્ભય બનો

પબ્લિકમાંથી એક હળવી કોમેન્ટ આવી : પહેલો પાઠ તમે તો ભણો

– સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું

HEALTH CORNER

# THE COMMON COLD

-Dr. Manoj Kumar
BNYS, BSc, MSc(YOGA), DNYT, PGDES, CCY

The common cold, also known as "acute coryza," is an inflammation of the upper respiratory tract and is caused by infection with virus. The patient feels miserable for the first three days or so.

Symptoms

The first signs of a cold are a feeling of soreness of the throat and congestion of the nasal passage. Its usual symptoms are a running nose, sneezing, a rise in temperature, headache, sore throat, chill, aches and pains in the body and loss of appetite.

Causes

The common cold results from exposure to a virus. Its inten-sity however, depends upon the state of health of the person and by environmental factors. Sudden changes in temperature, dust and other irritating inhalations are important contributory causes for the development of a cold.

The real cause of a cold, however, is the toxic condition of the body brought about by wrong feeding habits such as an excessive intake of starch, carbohydrates, proteins and other acid-forming foods. A cold is, therefore, nature's simplest way of expelling toxic waste from the human system. The duration of the cold will depend on the amounts of poisons accumulated in the body.

Treatment

To treat a cold by means of customary suppressive drugs like aspirin and code line only paves the way for future trouble of a more serious nature. For such a treatment puts a sudden stop to the eliminative process then taking place and forces the toxic matter back into the tissues again. The only real treatment for colds is a proper diet. The best way to begin the treatment is to put the patient on a fast for two days. Nothing should be taken during this period except warm water mixed with lemon juice and honey or fruit juice and hot water.

A liquid diet of fruit juice in large amounts is necessary to neutralize the acid condition of the blood and hot drinks are needed to help clear the kidneys.

The patient should strengthen the system as a whole by taking a diet which supplies all the vitamins and minerals the body needs. Vitamin C, however, heads the list of these nutrients. It protects one against infection and acts as a harmless antibiotic. It is found in citrus fruits, green leafy vegetables, sprouted Bengal and green grams.

According to Dr. Linus Pauling, a noble prize-winning scientist, the regular use of this vitamin in the optimum daily amount will prevent the common cold and if a cold has already appeared, large doses of this vitamin will relieve the symptoms and shorten its duration. He estimates that one to two grams or 100 mg. to 200 mg. per day is approximately the optimum amount of this vitamin. His advice is to swallow one or two 500 mg. tablets of vitamin C at the appearance offirst sign of the cold and continue the treatment by taking an additional tablet every hour.

Garlic soup is an ancient remedy to reduce the severity of cold. Garlic contains antiseptic and antispasmodic properties besides several other medicinal virtues. The volatile oil in garlic flushes out the system of all toxins and thus helps bring down fever. Garlic oil combined with onion juice, diluted with water and drunk several times a day, has also been found in several studies to be extremely effective in the treatment of the common cold.

Ginger is also an excellent food remedy for colds and coughs. Ginger should be cut into small pieces and boiled in a cup of water; it should then be strained and half a teaspoon of sugar added to it. It should be drunk while it is still hot, in case of colds. Ginger tea, prepared by adding a few pieces of ginger into boiled water before adding tea leaves, is also an effective remedy for colds and for fevers resulting from cold.

Turmeric, with its antiseptic properties, is an effective remedy for cold and throat irritations. Half a teaspoonful of fresh turmeric powder mixed in 30 grams of warm milk is a useful prescription for these conditions.

Water Treatment A hot water bath, Steam bath, hot foot bath and hot hip bath are also beneficial as they stimulate perspiration. Steam inhalation will help relieve the congestion of the nasal tissues. Gargling with hot water mixed with salt is beneficial for a sore throat. Cold chest packs should be applied two or three times a day as they will relieve congestion of lungs and help in eliminating the accumulated mucus.

Yogasanas like bhujangasana, shalabhasana, dhanurasana, and yogamudra in vajrasana, yogickriyas such as jalneti and pranayamas such as kapalbhati, anuloma- viloma are beneficial in the treatment of thecommon cold.

# ધી નવાનગર કો-ઓપરેટીવ બેંક લિ.

PROUDLY CO-OPERATIVE

E : mail@nawanagarbank.co.in
www.nawanagarbank.co.in

'નવાનગર બેંક ભવન', પ્રણામી સ્કુલ સામે, હિરજી મિસ્ત્રી રોડ, જામનગર. ફોન : ૨૫૬૩૯૮૪ - ૮૫

'નાના માણસોની મોટી બેંક'
'સહકારીતાનો વ્યવસાયિક ઉદેશ્ય માનવ સેવા'

• આધુનીક બેંકીંગ સુવિધાઓ ફ્રી ઓફ ચાર્જ •

RTGS / NEFT થી ફંડ ટ્રાન્સફર
E-PAYMENT I.T. / G.S.T.
SMS ALERT
RuPay ડેબીટ કાર્ડ
મોબાઈલ બેન્કીંગ NEFT ફંડ ટ્રાન્સફર સુવિધા સાથે
ઓનલાઈન શોપીંગ

મોબાઈલ એપથી વિજ બિલ, ગુજરાત ગેસ બિલ, મોબાઈલ બિલ પેમેન્ટ સુવિધા

• બેંકની વિશેષ સેવાઓ •

જામનગર મહાનગર પાલીકાના વેરાઓ ની ચુકવણી કોઈ પણ શાખાઓમાંથી

GUJARAT GAS
ગુજરાત ગેસના બિલોની ચુકવણી કોઈ પણ શાખાઓમાંથી

PGVCL
પી.જી.વી.સી.એલ.ના વિજ બિલો બેંકની દરેડ - શરૂ સેક્શન રણજીત સાગર રોડ - ગુલાબનગર ગોકુલનગર શાખાઓમાં ભરવાની સુવિધા

બેંકના એકાઉન્ટમાં રજીસ્ટર્ડ કરેલ મોબાઈલ નંબર પરથી ૭૦૬૯૦ ૭૦૯૦૦ મોબાઈલ નંબર પર મિસ્ડ કોલ કરવાથી ખાતાની બેલેન્સ જાણવાની સુવિધા...

બેંકની ઉપરોક્ત સુવિધાઓ અને સેવાઓનો અવશ્ય લાભ લેવા વિનંતી

**OSHWAL EDUCATION TRUST MANAGED**

*Shri Gosar Hansraj Gosrani Commerce (Eng. Med)& Shri D. D. Nagda B.B.A.College, Jamnagar*

**Reaccredited Grade 'A' By NAAC**

**(National Award Winning Campus)**

## DONATION TO HIV PLUS CHILDREN



Twenty five volunteers of NSS,SSC and Red Ribbon Club of our college contributed books, puffed rice laddoo and khajurpaak to 150 HIV positive children of Vihaan Care and Support Centre,on 1st Feb 2022, as part of our extension activity.

The event was organised and managed by Ms Aqsa Khatri, Ms Hetal Gandecha, Ms Devi Gosrani,Ms Nisha Sharma,and Ms Khushboo Malde and guided by the Principal, Dr Snehal Kotak Palan and the Vice Principal Ms Sandra Moss.

## Congratulations Dr Gaurav Mehta



The OET trust members, the Campus Director and Faculty members of OET managed Colleges, congratulate Dr Gaurav Mehta on being awarded the Ph.D. degree in Finance Management, Department of Business Administration, Mahatma Gandhi Campus, Bhavnagar University, on the subject, "A study on the behavioural finance along with the approach for Investment for innovative products for the middle-income level investors of Saurashtra." He was guided by Prof A Kumar, Department of Business Administration, Mahatma Gandhi Campus Bhavnagar University, Bhavnagar.

## Workshop by CA Bhavik Dholakia





CA Bhavik Dholakia, a well-known name in the field of taxation and having a wide experience as a trainer with various institutes, enthralled the students during the three-hour seminar on Taxation.

Nearly 200students attended the seminar. The speaker held the students' attention and engaged them in an interactive dialogue. Students gave good reviews about the session.

The event was guided by the Principal Dr Snehal Kotak Palan and the Vice Principal Ms Sandra Moss.



# Shaheedon Ko Shat Shat Naman



"Saheedon Ko Shat Shat Naman" was an event to pay Tribute to the Martyrs at the National War Memorial of 1971.The NCC cadets expressed gratitude and Appreciation to the bereaved family members, on Behalf of the Hon'ble Prime Minister of India. The Programme was organized by 27 GUJ.BN NCC.JAMNAGAR, on 26th January 2022, by visiting the homes of the Martyrs'- Shaheed Jadeja Ashok Sinh and Shaheed Jogal Ramesh Kumar. Capt.Dr.Prabhanshu Awasthi, First Officer N.C.Parmar, SM. Mahesh Kumar attended the programme.




The event was organised under the guidance of the Principal Dr Snehal Kotak Palan the Vice Principal Ms Sandra Moss.

## Career Counselling lecture by Nirav Vithlani-Advocate



Mr Nirav Vithlani a practicing advocate who specializes in Corporate and Cyber laws addressed the students of Sem V on 15th and 16th of Feb 2022 and highlighted the various options in law.



He elaborated on the different career options in Law and gave the students a clear insight into this field.

The event was guided by the Principal Dr Snehal Kotak Palan and the Vice Principal Ms Sandra Moss.

## Saurashtra University Inter College LawnTennis (men) Tournament






Saurashtra University Inter College LawnTennis (men)Tournament was held on 05/12/2021 at Saurashtra University Ground Rajkot. The tournament was organized By the Department of Physical Education College Rajkot. Jash Ved of B. Com Sem III from GHG DDN College was declared the champion. Jash Ved of B. Com Sem III and Dhanya Shah of B. Com Sem VI, have been selected for the National Level tournament.



The tournament was guided by the Principal Dr Snehal Kotak Palan and assisted by the Vice Principal Ms Sandra Moss.




## હરિઆ સ્કૂલનાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે યોજાયો ફ્રી મેડીકલ હેલ્થ ચેક અપ કેમ્પ



લીલાવતી નેચરકયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર, લાખાબાવળ દ્વારા નિઃશુલ્ક નેચરોપથી મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન શ્રી એલ. જી. હરિઆ સ્કૂલમાં ભણતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓનાં વાલી તેમજ સ્ટાફનાં સભ્યશ્રીઓ માટે તા. ૧૦/૧/૨૨ થી ૧૩/૧/૨૨ દરમ્યાન આયોજીત કરવામાં આવ્યું હતું.

આ કેમ્પ માં સુગર ટેસ્ટ, બ્લડ પ્રેસર ટેસ્ટ, પલ્સ મોનીટર, $SPO_2$, વજનની ચકાસણી વિગેરે કરી રીપોર્ટ કાર્ડ આપવામાં આવ્યું હતું જેથી આગળની સારવાર માટે આ માહિતી ઉપીયોગી થાય.

નેચરકયોર સેન્ટર ની ટીમમાં શ્રી જીપાલ પટેલ (CEO) ADMIN – OET તેમજ એકસપર્ટ ડોકટરની ટીમ જેમાં ડો. મનોજકુમાર, ડો.ગરીમા દવે અને વહીવટીશાખા નાં શ્રી શૈલેષ જોષીએ તેમની અમુલ્ય સેવા આપેલ હતી થેરાપીસ્ટ શ્રી ધીરેન અગ્રાવત અને શ્રી મહેક સરવૈયાએ પણ કેમ્પમાં યોગદાન આપ્યું હતું.



આ નિઃશુલ્ક મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવાનો મુખ્ય ઉદ્દેશ કુદરતી સારવાર(નેચરોપથી ટ્રીટમેન્ટ)માટે લોકોમાં જાગરૂકતા ઉત્પન્ન થાય તે હતો હરિઆ સ્કૂલનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ નાં વાલી તેમજ સ્કૂલનાં કર્મચારીગણે વિશાળ સંખ્યામાં ઉત્સાહભેર આ કેમ્પમાં ભાગ લીધેલ હતો.

## LEELAVATI NATURECURE AND YOGA RESEARCH CENTER HEALTH CHECKUP CAMP @ RADHIKA EDUCARE SCHOOL



On 6thJan 2022 we have organized a health checkup camp at Radhika Educare School for their staff members. We have arranged to check Blood pressure & Sugar level of persons attending this camp. More than 60 staff members of Radhika Educare School have taken benefit of this health checkup camp.



## શ્રી એલ. જી. હરિઆ સ્કુલનાં યજમાનપદે ઉજવાયેલ ૭૩મો પ્રજાસતાકદિન




ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટનાં નેજા હેઠળ ચાલતી તમામ સંસ્થાઓનાં સંયુકત ઉપક્રમે ૨૬જાન્યુઆરીનાં ૭૩મું પ્રજાસતાક પર્વ શ્રી એલ. જી. હરિઆ સ્કુલનાં યજમાનપદે ઉમંગ અને ઉત્સાહભેર ઉજવવામાં આવ્યું. વહેલી સવારથી જ શાળાનાં શિક્ષકગણમાં થનગનાટ દેખાતો હતો. નિશ્ચિત કરેલા સમયે આમંત્રિત મહેમાનોએ પધારીને આ પર્વની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. જેમાં ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટનાં સેક્રેટરીશ્રી ચંદુભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી ડો.ભરતેશભાઈ શાહ,ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટની વિવિધ કમિટિઓના મેમ્બર્સ શ્રી ભાવેશભાઈ હરિઆ, શ્રી કલાબેન શાહ, ડો. કલ્પનાબેન ખંઢેરીયા, સૂર્યાબેન શાહ, ગીતાબેન છેડા, ગીતાંજલિબેન દવે, અમરજીત અહલુવાલિયા, શાળાનાં ભૂતપૂર્વ આચાર્યા અને ડી.ઓ. ઈ. શ્રી અંજના આશર તથા ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા ચાલતી વિવિધ સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ, પ્રો. ડો. અજય શાહ, હેતલ સાવલા, મયંક ત્રિવેદી, સુપરવાઈઝરો અને અન્ય મહાનુભાવો સહર્ષ ઉપસ્થિત રહયા હતા.સૌ અતિથિઓની ઉપસ્થિતિ વચ્ચે દેશની આન, બાન અને શાન સમા પ્રાણ પ્રિય રાષ્ટ્રધ્વજને શાળાના ભૂતપૂર્વ આચાર્યા અને ડી.ઓ.ઈ. શ્રી અંજના આશરનાં વરદહસ્તે ફરકાવવામાં આવ્યો હતો. હાજર રહેલા સૌએ રાષ્ટ્રગીત અને ઝંડા ગીત તથા દેશભકિતનાં નારા સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.પધારેલા સૌ અતિથિઓનું ઉષ્માભર્યુ સ્વાગત શાળાનાં પ્રધાનાચાર્ય શ્રી ધવલ પટ્ટે કર્યું હતું. મહેમાનોનાં સ્વાગત સાથે તેઓશ્રીએ દેશની સ્વતંત્રતાને ટકાવી રાખવા અને દેશ માટે જરૂરપડયે સર્વસ્વ લૂંટાવી દેવા માટે સંકલ્પ કર્યો હતો. આ જ વાતમાં સૂર પૂરાવતા ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટનાં સેક્રેટરીશ્રી ચંદુભાઈ શાહ દેશની આઝાદી માટે શહિદ થયેલા નામી અનામી શહિદોને યાદ કરીને તેમને શાબ્દિક શ્રધ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે શાળાનાં ધોરણ ૪ નાં વિદ્યાર્થી તેજસ મંગાણીએ પોતાનાં આગવા અંદાજમાં દેશપ્રેમની વિશાળ વ્યાખ્યાને શાબ્દિક સ્વરૂપ આપ્યું હતું. માત્ર સરહદ પર રહીને જ નહી,પરંતુ ઘરમાં રહીને પણ દેશસેવા કરી શકાય એવા કેટલાયઉદાહરણ એમણે આપ્યા હતા. પર્યાવરણની રક્ષા કરીને, વિજળી બચાવીને પાણી બચાવીને. આવા કેટલાય કાર્ય દ્વારા પણ દેશની સેવા થઈ શકે એ વાત પણ તેમણે ભાર મૂકયો હતો. ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટનાં નેજા હેઠળ ચાલતી વિવિધ કોલેજોનાં એન. એસ. એસ. અને એન.સી.સી. નાં વિદ્યાર્થીઓએ અદભુત પરેડ દ્વારા સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.પધારેલા સૌનો આભાર માનતા શાળાના વાઈસ પ્રિન્સીપાલ શ્રી સિંધુ અનુપ મેડમે પણ આપણને કેટલી યાતના અને મુશ્કેલી પછી સ્વતંત્રતા મળી છે એ બાબતે ઘણા દૃષ્ટાંતો આવ્યા હતા. આપણે સૌએ આ મહામૂલી આઝાદીનું જતન કરવું જોઈએ એ વાતપરભાર મૂકતા તેણીએ સૌનો આભારવ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનાં ઉદ્‌ઘોષક તરીકે શાળાનાં શિક્ષક શ્રી રાજ શાહે પોતાની સેવા આપી હતી. કાર્યક્રમનાં અંતે સૌએ મીઠા મન અને મીઠા મોંએ પ્રજાસતાક દિનની મીઠી પળોને મનમાં અંકિત કરી લીધીહતી.



આમ, દેશનો ૭૩મો પ્રજાસતાક દિન પૂરા જોશ ભેર ઉજવ્યાની યાદો લઈ સૌ છૂટાં પડયા હતા.

# હાઈ – ટેક "કૃત્રિમપગ"અને"કૃત્રિમહાથ" નો મેગા કેમ્પ સંપન્ન થયો




પ.પૂ. શ્રી વજ્રસેન મહારાજશ્રીની પુણ્ય સ્મૃતિમાં, પ.પૂ. આચાર્ય શ્રીમનમોહન સુરીશ્વરજી મહારાજ અને આચાર્ય શ્રી હેમપ્રભ સુરીશ્વરજી મહારાજશ્રીની પ્રેરણાથી જામનગર ખાતે 'કૃત્રિમહાથ' અને 'કૃત્રિમપગ' આપવાના મેગા કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવેલ.

શ્રી હાલારી વિશા ઓશવાળ આદીજીન સેવા ટ્રસ્ટ - જામનગર અને દાતા પરિવાર સુશ્રી જયાબેન ચુનીલાલ દોઢીયા, નવાગામ(હાલ લંડન)ના આર્થિક સહયોગથી જૈન સોશ્યલ ગ્રુપ નવાનગર જામનગર દ્વારા આયોજિત આ મેગા કેમ્પને બહોળો પ્રતિસાદ મળેલ અને સમગ્ર ગુજરાતમાંથી ૧૫૦ થી વધુ લાભાર્થીઓએ નોંધણી કરાવેલ.




સરકારશ્રીની કોરોના માર્ગદર્શિકાનાં ચુસ્ત પાલન સાથે તા. ૨૩ અને તા. ૨૪ જાન્યુઆરીનાં રોજ આરાધના ધામ ખાતે આયોજીત આ મેગા કેમ્પમાં સમગ્ર ગુજરાતમાંથી ૧૫૦ થી વધુ લાભાર્થીઓ આવેલ. આ કેમ્પમાં લાભાર્થીઓને ૨૪ – કૃત્રિમ હાથ અને ૧૩૧ –કૃત્રિમ પગ તદ્દન નીઃશુલ્ક આપવામાં આવેલ જેની કિંમત રૂા. ૩૦ લાખ જેટલી થાય છે.

'કૃત્રિમ હાથ' અને 'કૃત્રિમ પગ' નાં આ મેગા કેમ્પમાં વજનમાં હળવા, હાઈટેક પગ અને હાથ આપવામાં આવેલ જે લાભાર્થી માટે વાપરવામાં સરળ છે અને લાભાર્થીઓ તેમની તમામ દૈનિક પ્રવૃતિઓ આસાનીથી કરી શકશે. પગફીટ કર્યા બાદ સ્થળ ઉપર જ તાલીમ તેમજ વ્યવસ્થિત ઉપયોગ માટે માર્ગદર્શન આપવામાં આવેલ. લાભાર્થીઓ પોતાનાપગભેર ચાલતા થાય ત્યારે તેમનાં ચહેરા ઉપરની ખુશી અને પરિવારજનોનો આનંદ અવિસ્મરણીય હતો.

પુ. ગુરુદેવ શ્રી હેમપ્રભ સુરીશ્વરજી મહારાજશ્રીએ લાભાર્થીઓને આશીર્વચન પાઠવેલ. મેયર શ્રીમતી બીનાબેન કોઠારીએ સમાજ સેવાના આવા ઉમદા કાર્ય માટે સરકારશ્રી વતી આભારની લાગણી વ્યકત કરેલ. જે એસ. જી. સૌરાષ્ટ્ર રીજીયનના ચેરમેન શ્રી ડો. ચેતનભાઈ વોરાએ જૈન સોશ્યલ ગ્રુપ નવાનગરને આ મેગા કેમ્પનાઆયોજન બદલ ખુબ ધન્યવાદ આપેલ અને જૈન સોશ્યલ ગ્રુપ જામનગરના સ્થાપક, જામનગરના જૈન સમાજના ભામાશા તરીકે જાણીતા શ્રી રમણીકભાઈ કે. શાહને જૈન સોશ્યલ ગ્રુપ સૌરાષ્ટ્ર રીજીયનદ્વારા"જૈન શ્રેષ્ઠી" એવોર્ડથી સન્માનિત કરવા જાહેરાત કરેલ. દાતા પરિવારના પ્રતિનિધિ શ્રી ભાવિનભાઈ ગોસરાણી અને શ્રી મયુરભાઈ દોઢીયા ઉપસ્થિત રહેલ અને તેમના પરિવારજનો દ્વારા અપાયેલ દાનની રકમના સર્વોતમ ઉપયોગ અને સમગ્ર કેમ્પના સુચારુ સંચાલન બદલ આનંદની લાગણી વ્યકત કરેલ.



આ મેગા કેમ્પની મુલાકાતે જે.એસ.જી. સૌરાષ્ટ્ર રીજીયનના ચેરમેન ડો. ચેતન વોરા, જે.એસ.જી ફેડરેશનના ઉપ-પ્રમુખ શ્રી મનીષભાઈ દોશી, ફેડરેશનના હેલ્પીંગ - હેન્ડ પ્રોજેકટના ચેરમેન શ્રી શ્રેણીકભાઈ શાહ તથા જે. એસ. જી સૌરાષ્ટ્ર

Continue on page 39

Continue from page 38



રીજીયનના અનેક પદાધિકારીઓ પધારેલ. જામનગરના મેયર શ્રીમતી બીનાબેન કોઠારી, જામનગર મહાનગરપાલિકાના દંડકશ્રી કેતનભાઈ ગોસરાણી, મા.ધારાસભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ (હકુભા) જાડેજા, ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘના પ્રમુખ શ્રી મનસુખલાલ મેઘજીભાઈ, જાણીતા ઉદ્યોગપતિ શ્રી રમણીકભાઈ કે. શાહ,જામનગરમહિલા સહકારી બેંક લી. ના ચેરમેન શ્રીમતી શેતલબેન શેઠ, રોટરી કલબ ઓફ જામનગરના પ્રમુખ શ્રી લલીતભાઈ જોશીઃ મોદી સ્કુલના શ્રી પારસભાઈ મોદી સહીત અનેક મહાનુભાવોએ કેમ્પની મુલાકાત લીધેલ અને લાભાર્થીના ચહેરા ઉપર ખુશી જોઈ ખુબ પ્રસન્નતા વ્યકત કરેલ તથા જૈન સોશ્યલ ગ્રુપ - નવાનગર, જામનગરની આ પ્રકારની સામાજિક પ્રવૃતિઓ માટે ધન્યવાદ પાઠવેલ.

આ કેમ્પને સફળ બનાવવામાં વર્ષોથી વિવિધ સામાજિક કાર્યો કરતી રોટરી કલબ,જામનગરનો સહયોગ અને માર્ગદર્શન મળેલ.

કૃત્રિમ હાથ અને કૃત્રિમ પગના મેગા કેમ્પને સફળ બનાવવામાં સંગીની ગ્રુપની બહેનો, ગ્રુપના પ્રમુખશ્રી મુકેશભાઈ સુતરીયા, જે. એસ. જી સૌરાષ્ટ્ર રીજીયનના કો - ઓર્ડીનેટરશ્રી મુગટભાઈ શાહ, વાઈસ - ચેરમેન શ્રી ઉન્મેશભાઈ કુંડલીયા તથા જે. એસ. જી સૌરાષ્ટ્ર રીજીયનના હેલ્પીંગ હેન્ડના ચેરમેન શ્રી શરદભાઈ શેઠ અને ગ્રુપના સભ્યો શ્રી જીતેશભાઈ મહેતા, શ્રી સુનીલભાઈ વોરા, શ્રી રક્ષીતભાઈ શેઠ, શ્રી જયેશભાઈ મહેતા. હરદીપભાઈ શાહવી. એ જહેમત ઉઠાવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન આ પ્રોજેકટના ચેરમેન શ્રી શરદભાઈ શેઠે કરેલ. દાતા પરિવાર, આરાધના ધામના સર્વે ટ્રસ્ટીઓ, શ્રી સુધીરભાઈ પંડયા તથા અન્ય કર્મચારીગણ અને આ પ્રસંગે પધારેલ સર્વે મહેમાનો તથા લાભાર્થીઓ પ્રત્યે જૈન સોશ્યલ ગ્રુપ - નવાનગર, જામનગર વતી આભારની લાગણી વ્યકત કરેલ.

## જુઓ! સ્વર્ગનાં દ્વાર ઉઘડી રહયા છે!

આલેખનઃ ડો. કુમારપાળ દેસાઈ
સૌજન્યઃ ગુજરાત સમાચાર

રાજાએ જીવનભર સ્વર્ગ અને નર્કની વાતો સાંભળી હતી, પણ હજી સુધી કોઈ સંત એને સ્વર્ગ કે નર્કનું દ્વાર પણ બતાવી શકયા નહોતા. આખરે આ રાજા ઘનઘોર જંગલમાં સાધના કરતા અવધૂત પાસે ગયા અને એમને પૂછયું, 'આ બધા ધાર્મિકો રાત-દિવસ સ્વર્ગ અને નર્કની વાતો કર્યા કરે છે, પણ હજુ સુધી કોઈ મને આ સ્વર્ગ કે નર્ક તો શું, પરંતુ એમાં પ્રવેશવાનું દ્વાર પણ બતાવી શકયા નથી. મારી વિનંતી છે કે આપ મને એના દ્વાર બતાવો.'

અવધૂતે રાજાની ઈચ્છા સાંભળી, પણ એ તરફ સહેજે ધ્યાન ન આપ્યું. રાજા અકળાયો. વિશાળ સામ્રાજ્યનો એ સ્વામી હોય અને એક અવધૂત એને સામાન્ય આદર પણ ન આપે, તે કેમ ચાલે? આમ છતાં મનમાં સમસમીને ઉભો રહયો. છેવટે અકળાઈને એણે કહયું, 'બાબાજી, ઓળખો છો મને? હું આ પ્રદેશનો સર્વસતાધીશ રાજા છું. મારી મરજી વગર અહીં એક ચકલું ય ફરકી શકતું નથી. હું આપને એક પ્રશ્ન પૂછી રહયો છું અને આપ ઉત્તર આપવાને બદલે મારી ઘોર ઉપેક્ષા કરી રહયા છો.'

અવધુતે કહયું, 'શું શહયું? તું આ પ્રદેશનો રાજા ! સાવ સામાન્ય ભિખારી જેવો લાગે છે તું તો,આવો તે રાજા હોય? જો રાજા આવો હશે, તો પછી પ્રજા તો કેટલી બધી બેહાલ અને બદનસીબ હશે!'

અવધૂતના શબ્દો સાંભળી રાજા સળગી ઉઠયો. એને થયું કે આવા સાધુને તો શિક્ષા કરવી ઘટે. પોતાના મ્યાન પર હાથ મૂકીને એણે તલવાર કાઢી, ત્યારે અવધૂતે કહયું, 'તારી તલવાર તો કાટ ખાઈ ગયેલી છે. જિંદગીમાં કયારેય વાપરી લાગતી નથી. માત્ર કમર પર લટકાવીને સહુને ડરાવ્યા લાગે છે. રાજાની તલવાર તો કેવી ચમકતી હોય!'

રાજા અતિક્રોધે ભરાયો. એનો ચહેરો ગુસ્સાથી લાલચોળ થઈ ગયો. તલવાર કાઢીને અવધૂતે કહયું, 'રાજા, જુઓ નર્કના દ્વાર ખુલવાં લાગ્યા છે. આ જ નર્ક. આટલો બધો ક્રોધ અને વેર હોય, એ જ નર્કનો દરવાજો, સમજયા?'

રાજાને પોતાની ભૂલ સમજાઈ. સંતની વાણીના મર્મને પામ્યા. તલવાર ફેંકી દીધી અને ક્ષમા માગતા સંતના ચરણ પકડી લીધા. રાજાએ કહયું, મને ક્ષમા કરો.મારાથી ભૂલ થઈ, આપની વાણીનો મર્મ હું પારખી શકયો નહીં. હું કેવો મૂર્ખ અને ક્રોધી કે આપને મારવા માટે ધસી ગયો. ઓહ! મારી કેવી મોટી ભૂલ !'

અવધૂતે કહયું, 'રાજન, જુઓ, હવે સ્વર્ગના દ્વાર ઉઘડી રહયા છે'

એ દિવસે રાજાને એ વાત સમજાઈ કે સ્વર્ગ અને નર્ક કયાંય બીજે નથી. આપણાં સારાં કર્મો એ સ્વર્ગ અને દુષ્કર્મો તે નર્ક.

# CZMG BCA College

## How did Kerala achieve the highest literacy rate?

**"Education is the most powerful weapon which you can use to change the world"- Nelson Mandela.**
"Children are the citizens of tomorrow".
This south Indian state shares boundaries with: Tamil Nadu and Karnataka. The capital is Thiruvananthapuram.
Kerala has mainly three boards:
1. ICSE - Council for the Indian school certification examination
2. CBSE - Central Board of Secondary Education.
3. Kerala State co-operative service limited.

**Education System:**

In north India, most of the children are likely to take admission in private schools whereas the govt. of Kerala has make sure that up gradation of physical infrastructure is bound to attract students to public Schools and hence there are more children in govt. schools as compared to private schools. The Kerala govt. also makes time to time changes and reforms to make a better education for children. In the north states, due to politics the education system is not like of Kerala.

In Kerala,
1 Private School - Main focus on English language.
2 Govt. School - English and Malayalam.
Achievements:

- Kerala with 93.91% literacy rate is the top state in India.
- In 2006-2007, Kerala was ranked number 1 in EDI (Educational Developmental Index).
- The EDI keeps four things in mind: access, infrastructure, teacher related indicators and outcomes.
- According to Child Well Being Index 2019, it keeps four things in mind: Health, Education, Nutrition, and Survival Rate. Kerala has first position in it also.
- According to reports, Kerala is the first state that has achieved the 100% primary education through a program called 'Athulyam'.

**But how did Kerala achieve this educational prosperity?**

Education played an important part in Kerala's tremendous transition from a rigidly caste-divided society into one of India's most egalitarian states. The people of Kerala are no doubt intelligent, hardworking & have the skills to not just survive but thrive anywhere in the world. But for good quality education & to make a sustainable living, they have historically & in the present have had to look beyond their state boundaries. A high literacy figure, while good to boast about, means nothing if it isn't creating the impact that it should, both in the world of academia or business. The relatively less literate state UP hosts two of India's top 10 ranked universities, BHU & AMU.

They work on the principle such that:
Problems:

- Educational Unemployment.
- Underemployment.
- The drop-out rate in standard 9 and 10 has increased in last 5-10 years only in Kerala.
- Pass percentage in Standard 10 is only 50-60%.
- They are focusing on education since late 18th century.
- The government and people understood education can defeat poverty and other evils.
- They focused on education of girl child a educate mother will always try to make his children educated so a chain of teaching and learning started here.
- Our current President Ram Nath Kovind said that schools and colleges are workshops that shape the destiny of the country.

"**LEARNING**GIVES CREATIVITY, **CREATIVITY** LEADS TO THINKING, **THINKING** PROVIDES KNOWLEDGE, **KNOWLEDGE** MAKES YOU GREAT".
-Dr. A. P. J. ABDUL KALAM.

**-Hiral Kanakhara**
**Sem-I, Smt. CZMG BCA College**

Continue from page 40

# COLLEGE TOPPERS

We are proud of our college toppers. Their hard work and dedication have paid off. They are an inspiration to other students. Keep up with your excellent work in the future also.

## Shining stars of BCA SEM 5




# SELF DEFENCE WORKSHOP



Keeping oneself safe is a priority and every woman deserves to know the proper skills to defend herself & should learn these skills to protect themselves against assault. CZMG BCA has taken initiative with SURAKSHA SETU SOCIETY, SELF DEFENCE PROJECT and arranged 15 days workshop in college campus. Around 100 girls of CZMG BCA have taken training in this workshop. The training session was handled by Mr. Sandeep Rathod who has completed his WUSHU training from Patiala and he is the only certified coach in Saurashtra and Ms. Hemangi Gor who is black belt in Karate with many years of experience. Girls have taken training of Punch, Block, Kick Boxing, Throwing techniques, Self-defence techniques, Boxing, Martial art, Judo during 15 days.





On the completion of the workshop, one demonstration session was organized. Dr. Snehal Kotak Palan Campus Director of OET. Mrs. Hetal Savla I/C Principal CZMG BCA, Mrs.Sandra Moss vice principal, GHGDDN, PSI V.A.Parmar, Nainaben Solanki, Radhaben Gojiya of Suraksha Setu society city division police station and faculties have remain present and motivate girls.

# SPORTS ACTIVITIES




Saurashtra University Inter-college boys 'Handball tournament was held at Kotak Science College on 5th Jan. Handball team Smt. CZMG BCA College secured **Forth** position at university level. MeetrajsinhJadeja is selected for Nationals.



Saurashtra University Inter-college Girls 'Handball tournament was held at Kotak Science College on 6th Jan. Riya Goswami of CZMGBCA is selected for Nationals.



CZMGBCA feel proud for boy's handball team and for selected national players.

## વૃક્ષનારાયણ વાવવાનો અને જતન કરવાનો શુભ સંકલ્પ



ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત અને જામનગરની ઉત્તમ પ્રતિષ્ઠા કહી શકાય એવું નજરાણું એટલે લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર. નગરથી માત્ર પંદર કિ.મી.નાં અંતરે આવેલ આ નિસર્ગોપચાર સેન્ટરને વૃક્ષાચ્છાદિત અને હરિયાળા સાથે રળીયામણું બનાવવા માટે લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટરની આજુબાજુ આશરે દસેક હજાર જેટલા વૃક્ષો વાવી અને એના ઉછેરનો શુભ સંકલ્પ કરવામાં આવ્યો હતો જેમાં સૌ પ્રથમ ખીજડા મંદિરનાં પ્રાતઃ સ્મરણીય આચાર્યશ્રી ૧૦૮ મહંતશ્રી કૃષ્ણમણિજી મહારાજ સાહેબનાં વરદ હસ્તે વૃક્ષદેવતાનું રોપણ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ ત્યાં આ શુભ સંકલ્પ માટે પધારેલા નગરનાં મોભીઓ તથા ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં સંલગ્ન હોદેદારો અને અન્ય સભ્યો પણ સહર્ષ ઉપસ્થિત રહીને સૌએ વૃક્ષો વાવીને એનું જતન અને માવજત થાય તેમાં પોતાનું મહામૂલું યોગદાન આપવાનો સંકલ્પ કર્યો હતો.

'પાંદડે પાંદડે પુરુષોતમ ને વૃક્ષે વિઠ્ઠલરાય', 'ધરતી માતાનો પોકાર, વૃક્ષો વાવો અપરંપાર', 'વૃક્ષો વાવો હોંશે હોંશે, પ્રાણવાયુ તો સૌને જોઈશે' જેવા શુભ સુત્રો પણ ઘણાય વૃક્ષપ્રેમીઓએ સૌને સાથે રાખીને બોલાવ્યા હતા અને પ્રતિજ્ઞા લેવડાવી હતી કે વૃક્ષનારાયણ ની માવજત પુરા તન, મન અને ધનથી કરીને અહોભાગી થઈશું.



દસેક હજાર વૃક્ષો વાવ્યા પછી તેનાં ઉછેર બાદનું જે મંગલ દશ્ય સૌએ પોતાની આંખોમાં કલ્પના રૂપે જોયું હતું એ દશ્યમાં લીલીછમ ધરતી સૌની કેવી આંખો ઠારે છે ! એ કલ્પનાને મનમાં ભરીને પોતપોતાનો રાજીપો વ્યકત કર્યો હતો.

# કોરોના બાદની અસરમાંથી મુક્તિ તથા ઈમ્યુનિટી વધારવા માટે કુદરતી સારવાર ઉપલબ્ધ.

ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ
સંચાલિત

## લીલાવતી નેચર ક્યોર એન્ડ યોગ રિસર્ચ સેન્ટર

કોરોના બાદ શરીરમાં અપચો, કબજીયાત, કડતર થવી, સાંધાનો દુ:ખાવો, માથું દુ:ખવું, ઉધરસ, ચક્કર આવવા, નબળાઇ લાગવી, સતત વજનમાં ઘટાડો, માનસિક તાણ, ચિડચિડ પણું, ગુસ્સો આવવો, અણગમો વગેરે જેવા લક્ષણો મળી રહ્યા છે.

**આ તકલીફોને નિવારવા ચોક્કસ મુલાકાત લો.**

- ક્લિંઝિંગ ટેકનીક્સ
- ફેશિયલ સ્ટીમ (યુકેલિપટ્સ ઓઈલ સાથે)
- પાર્શીયલ મસાજ (છાતી અને પીઠ ઉપર)
- હર્બલ સ્ટીમ બાથ
- હોટ ફૂટ બાથ
- ચેસ્ટ પેક
- સ્પાઈનલ બાથ
- યોગીક આસન
- હોટ મડ બાથ
- વ્હર્લપુલ અથવા ડીલક્સ હાઈડ્રો થેરાપી
- ઈમર્શન બાથ
- એનીમા
- એરોમા થેરાપી
- ડાયેટ થેરાપી
- રીફ્લેક્સોલોજી
- નીમ ફ્રીક્શન બાથ
- પ્રાણાયામ
- ગંડુસ
- સન બાથ
- નસ્યમ
- મેડિટેશન
- સર્ક્યુલર જેટ થેરાપી



**આ તકલીફોને નિવારવા ચોક્કસ મુલાકાત લો.**


## લીલાવતી નેચર ક્યોર એન્ડ યોગ રિસર્ચ સેન્ટર

લાખાબાવળ, જામનગર, ગુજરાત, ભારત.

@leelavatinaturecure @leelavatinaturecure www.leelavatinaturecure.com

info@leelavatinaturecure.com

for inquiry : call now or Whatsapp on :-

+91 9913561453, + 91 9978561453, +91 6358761453

# OSHWAL EDUCATION TRUST
managed
# SMT. P. L. HARIA PRE-PRIMARY SCHOOL








## ADMISSIONS OPEN
ACADEMIC YEAR
2022-23

**PH-NUR-LKG-UKG**

- Motherly Care
- ECC as per NEP 2020
- Attractive Play-area
- Activity-based Learning
- Burden less & Progressive Curriculum
- Practice worksheets & sample papers

## FEE STRUCTURE
Play-house & Nursery
**RS. 1350/MONTH**

L.K.G. & U. K. G.
**RS. 1850/MONTH**

**EXCELLENCE IS OUR MOTTO SINCE 1981**

Shri L.G.Haria School | hariaschooljamnagar | Hariaschool.edu.in
8866561453, 0288-2561453 | Indira Gandhi Marg,Nr. Janta Fatak Jamnagar